# મહેસાણામાં કોરોના વોરીયર્સનું ડ્રોન દ્વારા પુષ્પવર્ષાથી સન્માન





મહેસાણા, તા. ૨૮

આજે કોરોના કહેરના પગલે સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું છે અને આ કોરોનાની લડાઈમાં ખડે પગે રહીને સૈનિકની ભૂમિકા અદા કરનાર કોરોના વોરિયર્સને આજે વિશેષ રીતે મહેસાણામાં સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ખાસ ડ્રોન દ્વારા ડોક્ટર, નર્સ, સરકારી અધિકારી સહીત સફાઈ કામદાર અને મીડિયા કર્મીને ડ્રોન થકી પુષ્પવર્ષા કરીને તેમને સન્માન કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લા સહીત સમગ્ર વિશ્વમાં આજે કોરોનાની લડાઈમાં ડોક્ટર, પોલીસ કર્મી અને સફાઈ કર્મી સહીત મીડિયા મિત્રોની ભૂમિકાને લઈને આજે મહેસાણા આ તમામ લોકોનું સન્માન ખાસ નોખી રીતે કરવામાં આવ્યું હતું. મહેસાણાની એક ખાનગી કંપનીના ડ્રોનમાં ખાસ બજકેટ બનાવીને તેમાં ગુલાબના પુષ્પ મૂકીને જે જગ્યા પર કોરોના વોરિયર્સ હાજર હતા તેવા તમામ સ્થળ પર જઈને આ કંપની દ્વારા પુષ્પ વર્ષા કરી કરીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં મહેસાણા જિલ્લામાં કામ કરતા ડોક્ટર્સ, નર્સને કોવિડ હોસ્પિટલ સાઈ ક્રિશ્ના ખાતેથી આ પુષ્પવર્ષાની શરૂવાત કરવામાં આવી હતી, જેમાં જિલ્લા કલેકટર કચેરી સહીત નગરપાલિકા મહેસાણામાં સફાઈ કામદારોને કતાર બંધ સોસીયલ ડિસ્ટન્સ સાથે અવકાશી પુષ્પવર્ષા કરવામાં આવી હતી, જેમાં ખાસ ડ્રોન દ્વારા તમામ મીડિયા કર્મી સહીત વહીવટી અધિકારી સફાઈ કામદારો અને ડોક્ટર સહીત નર્સના કાર્યને આ કંપની દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

## મોડાસાની કોવીડ હોસ્પિટલમાં વૃદ્ધ સારવાર વગર ચાર દિવસથી તડપતા હોવાનો પૌત્રએ વિડીયો વાયરલ કર્યો

મોડાસા, તા. ૨૮

રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસથી સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓ માટે કરોડો રૂપિયાના ખર્ચે કોવીડ હોસ્પિટલ અને આઈસોલેશન વોર્ડ અને કોરન્ટાઈન વોર્ડ ઉચ્ચકક્ષાની સુવિધા ઉપલબ્ધ્ કર્યાના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. અરવલ્લી જીલ્લાના આરોગ્ય તંત્રની કામગીરી અંગે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ત્યારે કોવીડ હોસ્પિટલ મોડાસામાં ૪ દિવસથી શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે દાખલ થયેલા વૃદ્ધને ચાર દિવસથી કોઈ પણ પ્રકારની સારવાર આપવામાં આવતી ન હોવાની અને ચાર દિવસ થવા છતાં કોરોનાનો રિપોર્ટ પણ આપવામાં ન આવતા દાદાનું દુઃખ ન જોઈ શકતા પૌત્રે કોવીડ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા આરોગ્યતંત્રએ કોરોનામાં થઈ રહેલી કામગીરીના ફૂલવેલા ફુગ્ગાની હવા નીકળી ગઈ હતી. હાલ તો દર્દીઓ ભગવાન ભરોશે કોરોના સામે જંગ લડી રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થતા તંત્રમાં ભારે દોડધામ મચી હતી





અને સમગ્ર ઘટનાને ઢાંકવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝેટીવ અને શંકાસ્પદ કોરોનાના દર્દીઓ માટે મોડાસાની સાર્વજનિક અને બાયડની વાત્રક હોસ્પિટલને કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. બંને કોવીડ હોસ્પિટલમાં દર્દીઓને પડતી હાલાકી અંગે સમયાંતરે દર્દીઓ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરતા રહે છે. વિડીયો વાયરલ થતા તંત્ર દોડતું થતું હોય છે, આરોગ્યતંત્ર કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને પડતી તકલીફ અંગે આંખ આડે કાન કરતા દર્દીઓએ સોશ્યલ મીડિયાનો સહારો લેવો પડે છે પરંતુ કેમ જાણે આરોગ્ય તંત્ર સુધારવાનું નામ લેતું નથી તે અંગે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મોડાસાની કોવીડ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે સારવાર અર્થે દાખલ થયેલા દાઉદભાઈ સુથાર નામના વૃદ્ધને છેલ્લા ૪ દિવસથી કોઈ પણ પ્રકારની સારવાર આપવામાં આવતી ન હોવાની અને ચાર દિવસ થવા છતાં કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ છે કે નેગેટિવ તે અંગે પણ આરોગ્યતંત્ર જવાબ સુધ્ધો ન આપતા અને સારવારના અભાવે વૃદ્ધની દિવસે ને દિવસે હાલત ખરાબ થતા અને દર્દથી કણસતા દાદાનું દુઃખ ન જોઈ શકતા પૌત્રે કોવીડ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચ્યો હતો અને મોડાસાની કોવીડ હોસ્પિટલમાં દર્દીઓને ઉત્તમ સગવડ આપવામાં આવતી હોવાના તંત્રના દાવાની હવા નીકળી ગઈ હતી.

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્યતંત્ર દ્વારા કોરોના સામે જંગ જીતવા સજ્જ હોવાના દાવાઓ જોરશોરથી કરવામાં આવી રહ્યા છે. પરંતુ જીલ્લામાં કોરોનાના દર્દીઓ અને કોરોનાના ભય હેઠળ જીવતા જીલ્લાના પ્રજાજનો ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ કરી રહ્યા છે.

## ડીસા ભોયણ નજીક ટ્રક પલટી ખાતા એકનું મોત

ડીસા, તા. ૨૮

ગઈકાલ ગુરુવારે ડીસા નજીકના ભોંયણ ગામ નજીક ટ્રક ચાલકે અચાનક સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી જેથી ટ્રકની અંદર બેઠલ ક્લીનરને ઈજાઓ થતા ઘટના સ્થળ ઉપર જ તેનું મોત નીપજ્યું હતું ઘટનાના પગલે તાલુકા પોલીસે દોડી આવી ક્રેનની મદદથી ટ્રક ખસેડી ક્લીનરના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો હતો ચોથા લોકડાઉન દરમિયાન વાહનોને અપાયેલી શરતી છૂટના પગલે અકસ્માતોની સંખ્યામાં નોંધ પાત્ર વધારો થયો છે ત્યારે મૃતક ટ્રક ક્લીનરભારચંદ ફુલચંદ મીણા (રહે. ભોગરી તા. અજમેર-રાજસ્થાન )હોવાનું જાણવા મળે છે આ બાબતે ટ્રક ચાલક રાજારામ મીણા વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાબરકાંઠાના વિવિધ વિસ્તારોમાં ડ્રોન સર્વેલન્સ દ્વારા ખનિજ ચોરી ઝડપાઈ

### હિંમતનગરના દેરોલ, દેધરોટા, ઇડરના વડીયાવીર, પ્રાંતિજના ગલતેશ્વર અને તલોદના મહેકાલમાં તંત્ર દ્વારા કાર્યવાહી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને તલોદ તાલુકાના વિસ્તારોમાં ખાણ ખનિજ વિભાગ તંત્ર દ્વારા ડ્રોન સર્વેલન્સ ચેકીંગ હાથ ધરી વ્યાપક પ્રમાણમાં ખનિજ ચોરી ઝડપી લઈ કુલ ૨૨ વાહનો પકડીને વાહન ચાલકો તેમજ માલિકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી સાથે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પાસેના અંબાઈગઢા અને પંથાલ પંથકમાં પણ તંત્ર દ્વારા રેતી ખનિજ માફીયાઓ વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી થઈ હતી પરંતુ હજુ સુધી તંત્ર દ્વારા કરોડોની મત્તાની રેતી ખનિજ ચોરી સાથે ખનિજ માફીયાઓ વિરૂધ્ધ ખનિજ વિભાગ દ્વારા હજુ સુધી પોલીસ ફરિયાદ ન નોંધાવાતા સમગ્ર મામલો જિલ્લામાં ચર્ચાને એરણે ચડયો છે.

હિંમતનગર સ્થિત ખનિજ ખાણ વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલ વિગત અનુસાર હિંમતનગર તાલુકાના દેરોલ, દેધરોટા, ઈડરના વડીયાવીર, પ્રાંતિજના ગલતેશ્વર અને તલોદ તાલુકાના મહેકાલમાં જિલ્લામાં કોવિડ-૧૯ના લીધે અમલી બનાવાયેલા લોકડાઉન દરમિયાન ખનિજ માફીયાઓએ વિવિધ વિસ્તારોમાં ખનિજ ચોરીની પ્રવૃત્તિ બિન્દાસ્તપણે ચલાવાતા ડ્રોન સર્વેલન્સ દ્વારા ચેકીંગ હાથ ધરાયુ હતું. જિલ્લા ભુસ્તર શાસ્ત્રી જે.એમ.પટેલની સુચનાથી ખાણ ખનિજ વિભાગ કચેરીના જી.કે.વાઘાણી અને ડી.જી.ચૌધરી સહિતની ટીમને આવા ખનિજ માફીયાઓની તપાસ હાથ ધરી બિનઅધિકૃત રીતે ખનિજ કાઢતા તેમજ વાહન કરતા વાહનોની તપાસ કરવા માટે સુચનાઓ આપી હતી. જે તપાસ દરમિયાન ખાણ ખનિજ વિભાગે બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા કુલ ૨૨ વાહનો પકડી વાહન ચાલક તેમજ વાહન માલિકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

ખાણ ખનિજ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ દેરોલ, દેધરોટા, વડીયાવીર, ઈડર, ગલતેશ્વર અને મહેકાલ વિસ્તારમાંથી બિનઅધિકૃત ખનિજ વહન કરવાના મામલામાં જેસીબી મશીન, ટ્રેકટરો, ડમ્પરો સહિત ટીમે કુલ ૨૨ વાહનો સીઝ કરી વાહન ચાલક તેમજ માલિકો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. જે કાર્યવાહી દરમિયાન તંત્રએ રૂા.૧૦.૦૭ લાખની વસૂલાત કરી હતી, જયારે બાકીની રૂા.૯.૮૭ લાખની દંડનીય વસૂલાત માટે વધુ કાર્યવાહી હાથ ધરી છે. તદ્ઉપરાંત તંત્ર દ્વારા બિનઅધિકૃત રીતે ખનિજ ચોરી કરનારા ખનિજ માફીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાની પણ તજવીજ હાથ ધરાયાનું સૂત્રોએ જણાવ્યુ હતું.

### સાબરડેરી દ્વારા હિંમતનગર જીએમઇઆરએસ

## મેડીકલ કોલેજમાં બાળકો માટે વેન્ટીલેટર અર્પણ કરાયું

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરી કોરોનાના કપરા કાળમાં સમાજ સેવા માટે આગળ આવી હિંમતનગર જી.એમ.ઈ. આર.એસ. મેડીકલ કોલેજમાં વેન્ટીલેટરનું અર્પણ કર્યુ હતુ. હાલના કોરોના વાયરસની મહામારીમાં પશુપાલકોને આવક-રાજયના નાગરીકોને દૂધ પુરૂ પાડવાનું કામ કરવાની સાથે અન્ય સેવાના કામ કરી વહીવટી તંત્રને મદદરૂપ બની રહી છે. હિંમતનગરની મેડીકલ કોલેજ ખાતે કોવિડ-૧૯ના રોગચાળા દરમિયાન ઘણા બાળરોગના દર્દીઓ, ખાસ કરીને નવજાત શિશુઓના જીવ બચાવવા માટે સાબરડેરી દ્વારા અધતન સુવિધાયુકત વેન્ટિલેટર અર્પણ કરવામાં આવ્યું હતુ. આ વેન્ટિલેટર પર ૧૦ કિલો સુધીના બાળકો કે જે કોરોના વાઈરસથી સંક્રમિત થયેલ હોય તેમજ તેના લીધે થયેલ ન્યુમોનિયા અને તેને સબંધિત શ્વસનની તકલીફમાં આ વેન્ટિલેટર પર રાખી શકાય છે. સાબરડેરી દ્વારા આપવામાં આવેલ બેબી લોગ વેન્ટિલેટર માત્ર કોરોના ચેપગ્રસ્ત બાળકોને જ નહીં પરંતુ ભવિષ્યમાં નાના બાળકો અને તેમાં પણ નાના પ્રિટરમ બાળકોને સુમેળ વેન્ટિલેશન કરવામાં અને ફેફસાની ઈજાને રોકવામાં મદદ કરશે. આ વેન્ટીલેટર દ્વારા અપરિપક્વ ફેફસા ધરાવતા પ્રિટરમ બાળકોમાં શ્વાસ લેવામા મદદ કરશે.



**ધનસુરાના કંજરીકંપાના ખેડૂતોએ કોરોનામાં દોઢ લાખની સહાય આપી**

અરવલ્લી જિલ્લાના ધનસુરાના કંજરીકંપાના ખેડૂતોએ કોરોનામાં દોઢ લાખની સહાય આપી હતી. કંજરી કંપાનાં ખેડૂતોએ પીએમ ફંડમાં ૭૫૦૦૦ હજાર તથા સીએમ ફંડમાં ૭૫૦૦૦ હજાર એમ કુલ ૧૫૦૦૦૦ની સહાય આપી હતી. આ ઉપરાંત કંજરીકંપાના વિદેશમાં રહેતા લોકોએ પણ આ સહાયમાં યોગદાનઆપ્યું હતું. ખેડૂતોએ આ સહાય અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને આપી હતી. આ સમયે ડીડીઓ અનિલ ધામેલિયા, ધનસુરા મામલતદાર સી.જી.ઝાલા, નરેન્દ્રભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, પટેલ મુકેશભાઈ, પટેલ પ્રવિણભાઈ, પટેલ અમિતભાઈ, પરેશભાઈ.વી.પટેલ, પટેલ શૈલેષભાઈ, પટેલ પરેશભાઈ.જે ઉપસ્થિત રહ્યા હતા.

## બુઢેલી ગામે રમતા-રમતા બાળક ગાડીમાં પૂરાયો, ગૂંગળાઈ જવાથી થયું કરુણ મોત

ભિલોડા, તા. ૨૮

ભિલોડા તાલુકાના બુઢેલી ગામે એક આઘાતજનક ઘટના બની હતી જેમાં પંચાલ પરિવારનું બે વર્ષીય બાળક રમતા-રમતા ઘર આગળ પડેલી કારમાં પુરાઈ જતા ગૂંગળાઈ જવાથી મોતને ભેટતા પંચાલ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનો સામે કૌટુંબિક ભાઈના ઘરે બેસવા ગયો હતો પરત આવતા ઘરમાં રહેલ ૨ વર્ષીય બાળક જોવા ન મળતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. બાળક કારમાં બેભાન હાલતમાં જોવા મળતા જ માતા-પિતાના હોશકોશ ઉડી ગયા હતા ૨ વર્ષીય પુત્રને તાબડતોડ બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત ઘોષિત કરતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મૂક્યું હતું. ૨ વર્ષીય બાળકનું કારમાં ગૂંગળાઈ જવાથી મોત નિપજતા પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.



ભિલોડાના બુઢેલી ગામે રહેતા અને સુથારીકામ કરી જીવન નિર્વાહ ચલાવતા પ્રકાશભાઈ પંચાલનો ૨ વર્ષીય વેદ નામનો પુત્ર બુધવારે બપોરે ઘર બહાર રમતા રમતા ઘર આગળ પડેલી અલ્ટો કારમાં જતો રહ્યો હતો, કારનો દરવાજો બંધ થઈ જતા દરવાજો કઈ રીતે ખોલવો તેની ખબર ન પડતાં તે ગાડીની અંદર જ પૂરાઈ ગયો હતો અને કોઈ તેને મદદ કરે તે પહેલા જ બપોરની આકરી ગરમીમાં ગૂંગળાઈ જવાના કારણે તેનું કરુણ મોત થયું હતું. ઘર આગળ રમતો વેદ ગુમ થઈ જતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરાતા વેદ કારમાંથી બેભાન હાલતમાં મળી આવતા વેદને કારમાંથી બહાર કાઢી તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, તેને તપાસીને ફરજ પરના ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. એકના એક ૨ વર્ષીય પુત્ર વેદના મોતથી તેના માતા-પિતા પર આફતનો પહાડ તૂટી પડ્યો હતો, વ્હાલસોયા દીકરાનું મોત થતા ભારે આક્રંદ કરી મૂક્યું હતું. બે વર્ષીય બાળકનું કારમાં ગૂંગળાઈ જવાથી મોત નિપજતા સમગ્ર પંથક અને પંચાલ સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

## સાબરકાંઠામાં ટેકાના ભાવે ઘઉં વેચવા ખેડૂતો ઉત્સુક

### આઠ ખરીદ કેન્દ્રો દ્વારા ૪૯૦૬૫ કિવન્ટલ ઘઉંની ખરીદી કરાઇ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા માટે આઠ ખરીદ કેન્દ્રોને માન્યતા આપી છે ત્યારે છેલ્લા એકાદ માસથી ખેડૂતો પાસેથી સરકારે ટેકાના ભાવે અંદાજે ૪૯૦૬૫ કિવન્ટલ ઘઉંની ખરીદી કરી છે. જોકે આ ઘઉંના નાણાં ખેડૂતોને ખાસ્સા સમય બાદ મળશે તેમ છતાં ખેડૂતોને ટેકાના ભાવે ઘઉં વેચવામાં રસ છે.

સાબરકાંઠા જિલ્લામાં આવેલી તલોદ, સલાલ, હિંમતનગર, ઈડર, વડાલી, જાદર અને ખેડબ્રહ્મા તથા વિજયનગરમાં ગુજરાત રાજય પુરવઠા નિગમ દ્વારા પ્રતિ ૨૦ કિલોના રૂા.૩૮૫ ના ભાવે ખરીદી કરાઈ રહી છે. દરમિયાન બજારમાં ખેડૂતોના ઘઉં હરાજીના માધ્યમથી વેપારીઓ અંદાજે રૂા.૩૪૦ થી ૪૫૦ ના ભાવે ખરીદી રહ્યા છે પરંતુ તેમાં ખરીદનાર વેપારીઓ મોટાભાગે નીચા ભાવે ઘઉં ખરીદતા હોય છે તેમ છતાં જરૂરિયાતમંદ ખેડૂતો ઘઉંના ઓછા ભાવ ઉપજે તો પણ વેચી રહ્યા છે તે પાછળનું કારણ એ છે કે જો ખેડૂત ઓછા ભાવને લઈને પોતાનું વાહન ઘરે લઈને આવે તો તેને વધુ નુકશાન થાય છે અને ચોમાસામાં ઘઉં બગડી જતા હોવાની બીકથી લઈને જે ભાવ મળે તે ભાવે વેચી દેવામાં માને છે.

પુરવઠા નિગમ દ્વારા શરૂ કરાયેલા આઠ ખરીદ કેન્દ્રો પર અત્યાર સુધી જિલ્લાના ૧?૨૯૭ ખેડૂતોએ અંદાજે ૪૯૦૬૫ કિવન્ટલ ઘઉં ખરીદયા છે. કોરોના વાયરસને પગલે ઘઉં વેચવા આવનાર ખેડૂતને અગાઉથી એસએમએસ કરીને જાણ કરવામાં આવે છે. જોકે તેના માટે ઘઉં વેચવાની ઈચ્છા ધરાવનાર ખેડૂતે રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઈએ તથા ઘઉં ખરીદ કેન્દ્રો પર કામ કરતા કર્મચારીઓ પણ મોંઢા પર માસ્ક બાંધીને સોશિયલ ડીસ્ટન્સ રાખીને કામ કરી રહ્યા છે. મજૂરો માટે પણ આ નિયમ લાગુ પડે છે. જિલ્લામાં આઠ ખરીદ કેન્દ્રો પરથી ખરીદી કરાઈ રહી છે ત્યારે તેમાં સૌથી વધુ ઈડર ખરીદ કેન્દ્ર પર ૨૬૬ ખેડૂતોએ નોંધણી કરાવ્યા બાદ ઘઉં વેચ્યા છે. આજની સ્થિતિએ ઈડર તાલુકામાં ૫૭૩ ખેડૂતો ઘઉં ખરીદ કેન્દ્રમાં આપીને સંતોષ માને છે.

અન્ય ખરીદ કેન્દ્રોની વાત કરીએ તો હિંમતનગર, ખેડબ્રહ્મા, વિજયનગર તેમાં વિજયનગર તાલુકાના ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉં વેચવામાં ઓછો રસ દાખવ્યો છે તેમ છતાં અત્યાર સુધીમાં ૫૪ ખેડૂતોએ અંદાજે ૨૦૮૫ કિવન્ટલ ઘઉં ખરીદ કેન્દ્રો મારફતે વેચી દીધા છે. સરકાર દ્વારા શરૂ કરાયેલા આ ખરીદ કેન્દ્રો કદાચ આગામી એકાદ માસ સુધી ચાલુ રહે તેવી શકયતા છે ત્યારે રોજબરોજ પુરવઠા નિગમ દ્વારા તમામ ખરીદ કેન્દ્રો પર મર્યાદિત ખેડૂતોને ઘઉં વેચવા માટે બોલાવવામાં આવી રહ્યા છે.

**કયા ખરીદ કેન્દ્ર પર કેટલા ખેડૂતોએ કેટલા કિવન્ટલ ઘઉં વેચ્યા**

| ખરીદ કેન્દ્રનું નામ | ખેડૂતોની સંખ્યા | વેચાયેલા ઘઉં (કિવન્ટલમાં) |
|---|---|---|
| હિંમતનગર | ૧૯૦ | ૬૮૭૪ |
| જાદર | ૧૬૭ | ૫૮૮૮ |
| ઈડર | ૨૭૬ | ૧૨૫૨૩ |
| વડાલી | ૧૦૮ | ૪૪૬૭ |
| ખેડબ્રહ્મા | ૨૫૮ | ૭૯૯૫ |
| વિજયનગર | ૫૪ | ૨૦૮૫ |
| સલાલ | ૧૦૫ | ૪૨૦૦ |
| તલોદ | ૧૩૯ | ૫૦૩૦ |

## બ્રહ્મસમાજના અતુલભાઈ દિક્ષીતની અનન્ય સેવા

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના અજગરી ભરડામાં સપડાવવાના કારણે સમગ્ર વિશ્વમાં ભયના ઓથારનો માહોલ છે, ત્યારે કોરોના વાયરસનાં કારણે જનજીવન પર જબરદસ્ત અસર પહોંચી છે. સરકાર અને સરકારી તંત્ર રાત દિવસ આ મહામારી રોગને અંકૂશિત કરવા પ્રયાસો કરે છે પરંતુ એટલું પૂરતું નથી. લોક સમજદારી અને સ્વયં કેર પણ લેવી જરૂરી હોવાનું બ્રહ્મ સમાજના આગેવાન અને જાણીતા ભાજપના પાયાના ચૂસ્ત કાર્યકર અતુલભાઈ દીક્ષિત જણાવી રહ્યા છે. અતુલભાઈ દિક્ષિત તમામ સમાજો માટે આ મહામારીમાં લોકોને ફૂટ્સ અને તેમને જરૂરિયાત ચીજવસ્તુઓ પુરી પાડવાની સેવા કરી રહ્યા છે. હમણાં જ બ્રહ્મસમાજના બે જેટલા કોરોનાના પોઝિટિવ કેસો આવતા તેમણે તાબડતોબ સિવિલ સત્તાધીશો અને ડોકટર વિપુલભાઈ જાનીને ટેલીફોન દ્વારા સતત ધ્યાન દોરતા એમ્બ્યુલન્સ અને જરૂરી સગવડ પણ પુરી પાડી હતી તેમજ બંન્ને પોઝિટિવ કેશ હેમખેમ સાજા થઈ ગયા પછી પણ તેઓ સંપર્કમાં રહી આ રોગને મહાત કરવા નિર્ણય સંદેશા, આશ્વાશનો આપી મદદકર્તા બની રહ્યા છે. ચિત્રકૂટના દસ વર્ષનો વેદ દીક્ષિત તેમજ પ્રાંતિજની રક્ષાબેન રાવલના કોરોના પોઝેટીવ કેસોમા સિવિલની મદદથી તેમને બંને કેસોમાં કોરોનાને મહાત કરાવી ખૂબ મદદ કરી સમાજનું ઋણ અદા કરતા પોતાને શારીરિક તકલીફો હોવા છતાં સમાજ માટે સમાજના માણસોની સેવાઓને ખૂબ મહત્વ અને સતત સેવા કરી કોરોના મહામારીના કેસોમા પણ તેમની અનન્ય સેવાઓને બ્રહ્મસમાજ આવકારી અભિનંદન પાઠવે છે.